# ઓખા રામેશ્વરમ ટ્રેનના કોચનું એસી વારંવાર બંધ પડી જતાં પ્રવાસીઓ અકળાયા, સ્ટેશન માથે લીધું

**ગરમીના** કારણે પ્રવાસીઓના ગુસ્સો પારખી સુરત રેલવે સ્ટેશન પર કોચ બદલીને ટ્રેન રવાના કરાઈ

સુરતઃ મંગળવારે રાત્રે ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસ ટ્રેનના કોચ નંબર બી-8નું એસી બંધ પડતા પ્રવાસીઓએ સુરત રેલવે સ્ટેશનને માથે લીધુ હતુ. ગરમીના કારણે પ્રવાસીઓનું રૌદ્ર રૂપ જોઇને સુરત રેલવે સ્ટેશનના અધિકારીઓએ કોચ બદલી બીજો એસી કોચ જોડીને ટ્રેનને આગળ રવાના કરી હતી.

રેલવેના સૂત્રોના જણાવ્યા અનુસાર ઓખા-રામેશ્વરમ (ટ્રેન નં. 16734) મંગળવારે સવારે ઓખાથી રામેશ્વરમ માટે રવાના થઇ હતી. શરૂઆતથી જ ટ્રેન આશરે એક કલાક મોડી ઉપડી હતી. અમદાવાદ આવે તે પહેલા ટ્રેનના કોચ નંબર બી-8નું એસી બંધ થઇ ગયું હતું. સાંજે આશરે 6.25 વાગે ટ્રેન અમદાવાદ પહોંચી હતી. ત્યારે પ્રવાસીઓની ફરિયાદ બાદ કોચનું એસી રીપેર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ટ્રેન આગળ રવાના કરાઈ હતી. થોડી મિનિટો બાદ ફરીથી એસી બંધ પડી ગયું હતું. પ્રવાસીઓ ગરમીના કારણે પરસેવે રેબઝેબ થઇ ગયા હતા. તેઓએ વડોદરા રેલવે સ્ટેશન પર હોબાળો મચાવ્યો હતો. ત્યાં ફરીથી પ્રવાસીઓને સમજાવીને એસી રીપેર કરીને ટ્રેનને આગળ રવાના કરાઈ હતી. પરંતુ વડોદરાથી ઉપડ્યા બાદ ફરીથી બી-8 કોચનું એસી બંધ થઈ ગયું હતું. વડોદરા બાદ આ ટ્રેનનો આગળનો હોલ્ડ સુરત જ હતો. સુરત રેલવે સ્ટેશન પર પણ રેલવેના અધિકારીઓએ એસી રિપેર કરવાની કોશિષ કરતા હતા. પરંતુ એસી રીપેર થયું ન હતું. બીજી તરફ સુરત આવતા-આવતા પ્રવાસીઓ ગરમીના કારણે અકળાઇ ગયા હતા. આ વખતે તેમનો ગુસ્સો જાણે કે કાબૂ બહાર હતો. સુરત રેલવે સ્ટેશનને પ્રવાસીઓએ માથે લીધું હતું. અંતે પ્રવાસીઓનો રોષ જોઈને અધિકારીઓએ ઉધનાથી અન્ય એલએચબી થર્ડ એસી કોચ મંગાવીને ઓખા રામેશ્વર એક્સપ્રેસમાં તેને જોડી દીધો હતો. એસી બગડેલો કોચ કાઢીને યાર્ડમાં લઈ જવાયો હતો.

ત્યાર બાદ પ્રવાસીઓને નવા કોચમાં બેસાડીને ટ્રેન રામેશ્વરમ માટે રવાના કરાઈ હતી. પ્રવાસીઓના ગુસ્સાને જોઈને સુરત રેલવે સ્ટેશન પર બી-8 કોચના તમામ પેસેન્જરોને થંડા પાણીની બોટલો અપાઈ હતી. રાત્રે 9.20 રવાના થતી ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસ રાત્રે 00.30 વાગે રામેશ્વરમ માટે રવાના થઇ હતી.

# ડુમસ જવા નીકળેલા ચલથાણના મકવાણા પરિવારની કાર પલટી જતાં મહિલાનું મોત

**વકતાણા** ગામથી વાંઝગામ તરફ જતી વખતે રસ્તાની વચ્ચે નાનો ખાડો આવી જતા કાર બાજુના ખેતરમાં જઈને પલટી ગઈ

સુરતઃ ફરવા માટે ડુમસ જવા નીકળેલા ચલથાણના મકવાણા પરિવારની કાર પલટી ગઈ હતી. તેના કારણે એકનું મોત નીપજ્યું છે. અન્ય સભ્યોને નાની-મોટી ઈજાઓ થઈ છે. વકતાણા ગામથી વાંઝગામ તરફ જતી વખતે રસ્તાની વચ્ચે નાનો ખાડો આવી જતા ડ્રાઈવરે સ્ટેયરીંગ પરથી કાબૂ ગુમાવી દેતા કાર બાજુના ખેતરમાં જઈને પલટી ગઈ હતી.

મૂળ સુરેન્દ્ર જિલ્લાના લીમડી તાલુકાના નાનોવાસ ગામના વતની અને હાલ ચલથાણ ગામમાં આવેલા સનસિટી એપાર્ટમેન્ટમાં અશ્વિન મકવાણા પરિવાર સાથે રહે છે. તેઓ એડીટીંગ તેમજ ડિજિટલ ડિઝાઈનનું કામ કરે છે. મંગળવારે અશ્વિનની પત્ની શીતલ (ઉં.વ.25), અશ્વીનનો ભાઈ ચિરાગ મકવાણા, ચિરાગની પત્ની કિંજલ, ભત્રીજો કાનો ઉર્ફે મનોહર તથા ચિરાગનો મિત્ર પ્રથમેશ ખોપસે સાથે કાર લઈને ફરવા માટે ડુમસ બીચ જવા નીકળ્યા હતા. અશ્વિનને કામ હોવાથી તેઓ સાથે ફરવા ગયા નહતા. ચિરાગનો મિત્ર પ્રથમેશ કાર ચલાવી રહ્યો હતો. દરમિયાન સચિન પોલીસની હદમા આવતા વકતાણા ગામથી વાંઝગામ તરફ જતી વખતે રસ્તાની વચ્ચે નાનો ખાડો આવી જતા પ્રથમેશે સ્ટેયરીંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. જેથી કાર બાજુના ખેતરમાં જઈને પલટી ગઈ હતી. સર્જાયેલા અકસ્માતમાં શીતલને ગંભીર ઈજા પહોંચી હતી. તેમજ અન્ય સભ્યોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. જેથી 108 એમ્બ્યુલન્સ મારફતે શીતલને સારવાર માટે પાલીગામની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેણીનું મોત નીપજ્યું હતું.

# ડાભેલમાં સગીરે સગીર સાથે સૃષ્ટિવિરુદ્ધનું કૃત્ય કરતાં ગુદા માર્ગે ચીરા પડી ગયા

**નમાઝ** પઢવા જતા સગીરને અટકાવી અન્ય સગીર અંજુમન ખાતે લઈ ગયો

નવસારીઃ જલાલપોરના ડાભેલ ગામે એક સગીરે બીજા સગીર સાથે સૃષ્ટિવિરુદ્ધનું કૃત્ય કરતાં એક ચેરિટેબલ હોસ્પિટલની ટ્રસ્ટીની ઓફિસમાં આવીને પોલીસને ફરિયાદ નોંધાવી હતી.

મરોલી પોલીસમથકે નોંધાયેલી ફરિયાદ મુજબ ડાભેલની એક વ્યક્તિ ગઇ તા.5 મે-2024ના રોજ કામધંધે ગયો હતો. ત્યારે બે વાગ્યે તેની પત્નીએ ફોનમાં જણાવ્યું હતું કે, તેમના સગીર દીકરા સાથે ગામના જ બીજા એક સગીરે સૃષ્ટિવિરુદ્ધનું કાર્ય કરવાનો પ્રયાસ કર્યો હતો. દીકરાએ કહ્યું હતું કે, તે નમાઝ પઢવા જતો હતો, ત્યારે તેને રોકીને એક સગીર છોકરો તેને અંજુમન ખાતે લઇ ગયો હતો. એ સગીર છોકરો પેન્ટ ઉતારીને બેસી ગયો હતો અને બીજા સગીર છોકરાને પેન્ટ ઉતારીને ખોળામાં બેસાડી દીધો હતો. પરંતુ સગીરને દુખાવો થતાં તેણે બૂમ મારતાં પેલાએ ગુપ્તાંગ બહાર કાઢી લીધું હતું. સગીર રડવા લાગતાં તેને 50 રૂપિયા આપીને રવાના કર્યો હતો. પરંતુ દુખાવો થતાં મમ્મીને કહેતાં વાત બહાર આવી હતી.

સગીરને ગાર્ડી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલમાં લઇ જવાયો હતો. હાજર તબીબે ગુદા માર્ગે ચીરા પડ્યા હોવાનું કહી સૃષ્ટિવિરુદ્ધ કાર્ય થયાનું જણાયું હતું. આ વાત સાંભળતાં જ પિતાને પણ આઘાત લાગ્યો હતો. તેમણે તા.8 મે-2024ના દિવસે ફરિયાદ નોંધાવતાં મરોલી પોલીસમથકના પીએસઆઇ ડી.જે. પટેલની તપાસ હાથ ધરી છે.

## મોબાઇલ પર જોવાતી પોર્ન ફિલ્મની વિકૃતિ?

સગીર છોકરાએ બીજા સગીર છોકરા સાથે સૃષ્ટિવિરુદ્ધનું કાર્ય કરતાં નવસારી જિલ્લામાં ચકચાર મચી ગઈ છે. નાની વયના છોકરાઓ સૃષ્ટિવિરુદ્ધનું કાર્ય કરવા ભણી વળે એ ચિંતાનો વિષય જરૂર છે. એમ માનવામાં આવે છે કે, હવે મોબાઇલમાં ઇન્ટરનેટની સુવિધા મળતી થઇ હોવાને કારણે કેટલાય કિશોરો પોર્ન ફિલ્મ જોવાને રવાડે ચઢી ગયા છે. માતા-પિતાઓ એવી ભ્રમણામાં રહે કે તેમનાં સંતાનો મોબાઇલ ઉપર અભ્યાસ કરે છે. કેટલાક કિશોરો અભ્યાસને બદલે મોબાઇલ ઉપર પોર્ન ફિલ્મો જોઇ મનોવિકૃત થઇ જતા હોય એમ લાગે છે અને તેને કારણે આ પ્રકારના બનાવો નોંધાતા હોય એમ બની શકે છે.

# વાલિયામાં પુત્ર-પુત્રવધૂ સાથેના ઝઘડાથી ત્રસ્ત દંપતીએ ઝેર પીધું, પિતાનું મોત

**માતાને** હોસ્પિટલમાં દાખલ કરાઈ, પુત્ર-વહુ સાથે ઝઘડા બાદ ઘરેથી કહ્યા વિના નીકળી ગયાં અને ખેતરમાં જઈ ઝેર ગટગટાવી લીધું હતું



ભરૂચઃ વાલિયા તાલુકાના ચમારિયા ગામના રાજપૂત દંપતીએ ગૃહકલેશને કારણે ઝેરી દવા ગટગટાવી લેતા પતિનું મોત નીપજ્યું હતું. જ્યારે પત્નીને ગંભીર હાલતમાં સારવાર હેઠળ ભરૂચની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ છે.

ચમારિયા ગામના રાજપૂત ફળિયામાં રહેતા ૫૯ વર્ષીય વિજયસિંહ બોરસિયા અને તેમના પત્ની ગીતાબેન બોરસિયા પોતાના પુત્ર અને પુત્રવધુ સાથે રહે છે. ઘણાં સમયથી તેઓ વચ્ચે અવાર નવાર ઝઘડા થતા રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. મંગળવારે પણ તેઓ વચ્ચે કોઈક બાબતે ઝઘડો થતાં દંપતીને માઠું લાગી આવતા તેઓ રાત્રે કોઈને કંઈ પણ કહ્યા વગર ઘરેથી નીકળી ગયા હતા. તેઓએ વાલિયા તાલુકાનાં વટારીયા-સેંગપુર જવાના માર્ગની બાજુમાં ખુલ્લા ખેતરમાં ઝેરી દવા ગટગટાવી લીધી હતી.

ઘટનાની જાણ નજીકમાં રહેતા પિતરાઈ ભાઈ જીતેન્દ્રસિંહને થતાં તેમણે તાત્કાલિક સ્થળ પર પહોંચી તેમના ભાઈ અને ભાભીને તાત્કાલિક સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમ્યાન વિજયસિંહ બોરસિયાનું મોત નીપજ્યું હતું, જ્યારે તેમના પત્ની ગીતાબેનને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# 5 લાખથી વધુની ખરીદી ઈ ટેન્ડર-GEM પોર્ટલથી નહીં કરનાર સુગર મંડળીને હાઈકોર્ટની નોટિસ

**ગુજરાત** હાઇકોર્ટે રાજ્ય સરકારને નોટિસ ઇસ્યુ કરી, વધુ સુનાવણી 3 જુલાઈએ

સુરતઃ સુગર ફેક્ટરીઓ સહિતની સહકારી મંડળીઓએ 5 લાખ કે તેથી વધુ રકમની વસ્તુઓની ખરીદી ફરજિયાત ઈ-ટેન્ડર-GEM પોર્ટલથી કરવાનું ગુજરાત સરકારનું નોટિફિકેશન હોવા છતાં સુગર મંડળીઓ આ નિયમનું પાલન નહીં કરતી હોવાની ફરિયાદો અંગે ખાંડ નિયામક અને સરકાર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. એનાથી નારાજ થઈ મઢી સુગર સહકારી મંડળીના સભાસદ લોકનાથ ચક્રપાણીદાસ મહંતે એડ્વોકેટ ધ્રુવ દીપક ચલિયાવાલા મારફત ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન (પિટિશન ક્રમાંક 7803/2024) દાખલ કરાવતાં જસ્ટિસ હેમંત એમ.પ્રચ્છક દ્વારા પિટિશનરની રજૂઆત ગ્રાહ્ય રાખી ગુજરાત સરકારને નોટિસ ઈસ્યુ કરી ઉત્તર પાઠવવા જણાવ્યું છે. જેની વધુ સુનાવણી તા.3/7/2024ના રોજ રાખી છે. અરજદારના વકીલ ધ્રુવ ચલિયાવાલાએ રજૂઆત કરી છે કે કાયદા હેઠળ માત્ર ઈ-ટેન્ડર પ્રક્રિયા દ્વારા જ ખરીદી કરવાની જોગવાઈ છે અને એ સંદર્ભે તા.14.08.2017ના રોજ ઠરાવ કરવામાં આવ્યો છે. જો કે, પ્રતિવાદી સત્તાવાળાઓએ આવી વૈધાનિક જોગવાઈનું પાલન કર્યું નથી.

## દક્ષિણ ગુજરાતની તમામ સુગર ફેક્ટરીઓ અને સહકારી મંડળીઓ પર આ કેસની અસર પડશે?

5 લાખથી વધુની કોઈપણ વસ્તુ ખરીદવા માટે નોંધાયેલી સહકારી સંસ્થાઓ અને સુગર મંડળીઓએ ફરજિયાત ઇ-ટેન્ડર GEM પોર્ટલ પર મૂકવું ફરજિયાત છે. આ સેવા સરકારે વિનામૂલ્યે રાખી છે. છતાં સુગર દક્ષિણ ગુજરાતની સુગર ફેક્ટરીઓ, સદ્ધર અને મોટી સહકારી સંસ્થાઓ બારોબાર પરચેઝ કરી રહી છે. પોર્ટલ પર ઇ-ટેન્ડર મૂકી ફરજિયાત પરચેઝ કરવાનો ગુજરાત સરકારનો 2017નો પરિપત્ર છતાં સુગર મંડળીઓ અને ખાંડ નિયામક અમલ કરતા ન હોવાથી મઢી સુગરનો મામલો હાઇકોર્ટ પહોંચતાં દક્ષિણ ગુજરાતની તમામ સુગર ફેક્ટરીઓ અને સહકારી મંડળીઓ પર આ કેસની અસર પડી શકે છે. સુગર મંડળીઓનું માનવું છે કે, ગુજરાત સરકારનો પરિપત્ર કાયદો નથી. એ દિશાનિર્દેશ છે. સહકારી મંડળીઓ ગુજરાત સહકારી અધિનિયમ અને જે-તે સહકારી મંડળીઓના પેટા કાયદા મુજબ કામ કરતી હોય છે. આ બાબતની વધુ સ્પષ્ટતા હવે હાઇકોર્ટનાં ચુકાદાથી જ થઈ શકશે. જે સહકારી ક્ષેત્રમાં ખૂબ મોટી અસર કરશે.

# કોસાડમાં મોબાઈલ ચોરીની અરજી ખેંચી લેવાનું કહીને દંપતીને માર માર્યો

સુરતઃ શહેરના અમરોલી કોસાડ આવાસમાં રહેતા 26 વર્ષીય શૌફુલ અબ્દુલ શાહ કાપડની દુકાનમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેણે અમરોલી પોલીસ સ્ટેશનમાં મુસ્તુફા અને સોનુ કાલિયા (બંને રહે. બાપુનગર કોસાડ આવાસ) ની સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગઈકાલે બપોરે તેમના ઘરની બાજુમાં રહેતા ફૈજાને રસ્તામાં ઊભો રાખ્યો હતો. ત્યારે મુસ્તુફા કાલીયા અને ફૈજાને પાસે આવીને શોકુલને તારી પત્નીએ મારી સામે મોબાઈલ ચોરીની અરજી કરી તે પાછી ખેંચી લે નહી તો હુ તને જોઈ લઈશ તેવી ધમકી આપી હતી. શોકુલે સમાધાન કરવાની ના પાડતા આરોપીઓએ તેને ગાળો આપી ઝપાઝપી કરી માર માર્યો હતો. શોકુલની પત્ની વચ્ચે પડતા તેણીને પણ માર માર્યો હતો. તેમને પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરતા પીસીઆર વાન ત્યાં પહોંચી ગઈ હતી. અને અમરોલી પોલીસ સ્ટેશનમાં બંને સામે ફરિયાદ નોંધાવી હતી.

# 4.24 કરોડની ઠગાઈના કેસમાં આરોપીની વિદેશ જવાની અરજી કોર્ટે ફગાવી દીધી

**હાઈકોર્ટે** પાસપોર્ટ જમા કરાવી શરતી જામીન આપ્યાં હતાં, કાયમી ધોરણે પાસપોર્ટ આપવાની આરોપીની અરજી પણ કોર્ટે રદ કરી

સુરતઃ જામીન પર મુક્ત થયેલા આરોપીની કાયમી ધોરણે પાસપોર્ટ મેળવવાની અરજી અને ભારત દેશની હદ છોડવાની અરજી કોર્ટે નામંજૂર કરી છે.

કેસની વિગત એવી છે કે આરોપી અઝીમ રફિક પેનવાલા વિરુદ્ધ વરાછા પોલીસ સ્ટેશનમાં 4.24 કરોડ રૂપિયાની ગ્રે કાપડને લગતી છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો. પોલીસે આરોપી અઝીમની ધરપકડ કરી હતી.

ગુજરાત હાઈકોર્ટે આરોપી અઝીમને કેટલીક શરતોને આધીન જામીન પર મુક્ત કર્યો હતો. તેમાં એક શરત એવી હતી કે આરોપી તેનો પાસપોર્ટ લોઅર કોર્ટમાં જમા કરાવે. બીજી શરત એ હતી કે આરોપી સેશન્સ કોર્ટની પરવાનગી વગર ભારત દેશ ન છોડે.

જે મુજબ આરોપીએ તેનો પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવ્યો હતો અને જ્યારે-જ્યારે પાસપોર્ટની જરૂર પડે ત્યારે કોર્ટમાંથી હંગામી ધોરણે પાસપોર્ટ મેળવતો હતો. હવે આરોપીએ તેના એડવોકેટ મારફત કોર્ટમાં અરજી કરી હતી કે ધંધા અને વેપાર માટે અઝીમને વિદેશ જવું પડતું હોવાથી તેને કાયમી ધોરણે પાસપોર્ટ આપવામાં આવે. ઉપરાંત ભારત દેશ બહાર જવાની પરમીશન પણ તેણે માંગી હતી.

સરકાર તરફે એડવોકેટ એપીપી તેજસ. એ.પંચોલીએ આરોપીની પાસપોર્ટ મેળવવાની અને ભારત દેશ બહાર જવાની અરજીનો વિરોધ કર્યો હતો. કોર્ટે એડવોકેટ તેજસ.એ. પંચોલીની દલીલો ગ્રાહ્ય રાખીને આરોપીની બંને અરજીઓ નામંજૂર કરી હતી.

# વેસુમાં 250 વર્ષીતપના તપસ્વીઓની રથયાત્રા યોજાઈ

**આજે** તપસ્વીઓનું બહુમાન, કાલે સરસાણા ડોમમાં વર્ષીતપનાં પારણા થશે



સુરત : વેસુ વિસ્તારમાં આગમોદ્ધારક ધાનેરા આરાધના ભવનના ઉપક્રમે ગયા સાલ સામૂહિક વર્ષીતપના મંડાણ થયેલા. આખું વર્ષ તમામ તપસ્વીના સામૂહિક બેસણાં ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

13 મહિનાનો દીર્ઘ તપ આ વખતે અધિક માસ હોવાથી કુલ 424 દિનનો થયો હતો. આમ છતાં વર્ષીતપના પ્રેરક, સંઘ સંસ્થાપક આચાર્ય સાગરચંદ્રસાગર સૂરીશ્વરજીના સાનિધ્યમાં તમામ તપસ્વીઓની બુધવારે સવારે 7:00 વાગે 250 શાનદાર રથયાત્રા યોજાઈ હતી, જેમાં હિંમતનગરથી આવેલું દિનકર બેન્ડ, કચ્છી ઘોડી, નાસિક ઢોલ, ત્રણ ગજરાજ, ઘોડાઓ તથા 6000થી વધુ જનમેદનીએ રંગ જમાવ્યો હતો. રથયાત્રા બાદ વિજયાલક્ષ્મી હોલમાં સાધાર્મિક ભક્તિ રાખવામાં આવી હતી તથા તપસ્વીઓના શાહી બેસણાં રાખવામાં આવ્યા હતા. રથયાત્રા બાદ ઉત્તમ ભાવોલ્લાસથી આદિનાથ પ્રભુના પોંખણા કરાયા હતા. બપોરે 108 આદિશ્વર પૂજનમાં સૌ તપસ્વીઓ જોડાયા બાદ સાંજે શેરડીના સાંઠાથી આખું ભવનનું આંગણું શણગારવામાં આવ્યું હતુ.

મહાપૂજા તથા કુમારપાળ રાજાની આરતી પણ ભવ્ય રીતે કરવામાં આવી હતી. ગુરુવારે તપસ્વીઓનો બહુમાન સમારંભ, નાટિકા, તપવધામણા, શુક્રવારે અખાત્રીજના પાવન દીને સરસાણા ડોમ માં 250 તપસ્વીના પારણા શ્રેયાંસ કુમાર બનેલા લીલાબેન મોહનલાલ સાકરિયા પરિવાર દ્વારા કરાવવામાં આવશે તેમજ આ પારણા ઉત્સવમાં 10,000 જેટલી જનમેદની ઊમટી પડવાની શકયતા આયોજકોએ વ્યક્ત કરી છે.

# વાઘોડિયા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં 70.29 ટકા મતદાન

**પાંચ** વિધાનસભાની પેટા ચૂંટણી પૈકી સૌથી ઓછું મતદાન માણાવદર બેઠક પર નોંધાયું

**4 બેઠક** કોંગ્રેસના આગેવાનો ભાજપમાં જોડાતાં ખાલી પડી હતી, એક બેઠક અપક્ષને કારણે ખાલી પડી

ગાંધીનગરઃ રાજયમાં લોકસભાની 25 બેઠકોની સાથે 5 વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાઈ હતી. જેમાં વાઘોડિયા બેઠક પર 70.29 ટકા મતદાન થયુ હતું. આજે સાંજે ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા આખરી આંકડાઓ મુજબ, વિજાપુર બેઠક પર 64.93 ટકા, પોરબંદર બેઠક પર 57.99 ટકા, માણાવદર બેઠક પર 53.94 ટકા, ખંભાત બેઠક પર 66.28 ટકા મતદાન થયુ હતું. 25 લોકસભા બેઠકોની સાથે આગામી તા.4થી જૂને મત ગણતરી હાથ ધરાશે.

રાજયમાં 26 લોકસભા બેઠકોની સાથો સાથ 5 વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી માટે પણ નોટિફિકેશન બહાર પડયુ હતું. આ તમામ પાંચેય બેઠકો પૈકી ભાજપમાં જોડાઈ ગયેલા ચાર કોંગીના પૂર્વ ધારાસભ્યો તથા વાઘોડિયા બેઠક પરથી અપક્ષ પૂર્વ ધારાસભ્યને ટિકિટ અપાઈ હતી.

| બેઠક | ભાજપ | કોંગ્રેસ |
|---|---|---|
| માણાવદર | અરવિંદ લાડાણી | હરિભાઈ કણસાગરા |
| પોરબંદર | અર્જુન મોઢવાડિયા | રાજુ ઓડેદરા |
| વિજાપુર | સી જે ચાવડા | દિનેશ પટેલ |
| ખંભાત | ચિરાગ પટેલ | મહેન્દ્રસિંહ પરમાર |
| વાઘોડિયા | ધર્મેન્દ્રસિંહ વાઘેલા | કનુભાઈ ગોહિલ |

# મૌલવીએ પંદરેક યુવાનોનું બ્રેઈનવોશ કરી એન્ટી ઈન્ડિયા, એન્ટી હિન્દુ કેમ્પેઈન શરૂ કરાવ્યું

**ક્રાઈમ** બ્રાન્ચના રિમાન્ડમાં મૌલવીની પૂછપરછમાં NIA, IB પછી હવે ATS પણ જોડાઈ

**ભ્રમિત** કરાયેલા યુવાનોની પણ ટૂંકમાં પૂછપરછ શરૂ કરાશે, મૌલવીના કાશ્મીરના કેટલાંક ગ્રુપ સાથે પણ કનેક્શન

સુરતઃ મૌલવી અબુબકરે સોશ્યલ મીડિયાના માધ્યમથી સંખ્યાબંધ યુવાનોનું બ્રેઈનવોશ કર્યુ હોવાની કબૂલાત કરી છે. તેણે કબૂલાત કરી છે કે તેણે પંદર કરતા વધારે યુવાનોને ઉશ્કેરીને સોશ્યલ મિડીયામાં એન્ટી ઈન્ડિયા તથા એન્ટી હિન્દુ કેમ્પેઈન શરૂ કરાવ્યું છે. દરમિયાન મૌલવી અબુબકરના કાશમીરના કેટલાક ગ્રુપો સાથેના કનેકશન બહાર આવ્યા છે.

હાલમાં રિમાન્ડમાં મૌલવી અબૂબકર પાસેથી પોલીસને ચોંકાવનારી વિગતો જાણવા મળી છે. કેટલાક યુવાનો અન્ય રાજ્યોના હોવાની વિગત જાણવા મળી છે.

એનઆઈએ દ્વારા આગામી દિવસોમાં આવા ભ્રમિત કરાયેલા યુવાનોની પૂછપરછ શરૂ કરવામાં આવશે.

કામરેજ ખાતેથી પકડાયેલા મૌલવીની છેલ્લા અઢી દિવસથી સેન્ટ્રલ એજન્સીઓ એએનઆઈ અને આઈબી દ્વારા પુછપરછ ચાલતી હતી. ગઈકાલથી એટીએસ દ્વારા પણ પુછપરછ શરૂ કરાતા આજે એજન્સીઓ રવાના થઈ છે.

## ભારતના હિન્દુ નેતાઓની વિરુદ્ધમાં બનાવાયેલા ગ્રુપમાં સ્ફોટક ચેટ્સ

પોલીસ માટે અત્યાર સુધી મૌલવીના કનેક્શનમાં બીજા કોણ કોણ છે? કયા દેશ સાથે તેનો સંપર્ક છે? અને તેને ફન્ડીંગ કોણ કરતું હતું? તેવા અનેક સવાલોના જવાબ મેળવવા જરૂરી છે. માત્ર 27 વર્ષનો મૌલવી દોઢ વર્ષથી પાકિસ્તાન અને નેપાલ સહિતના દેશોમાં ઘણા લોકો સાથે સંપર્કમાં હતો. તેમના દ્વારા ભારતના હિન્દુ નેતાઓ વિરૂધમાં જે ગ્રુપ બનાવવામાં આવ્યું છે, તેમાં તો સ્ફોટક ચેટ્સ હોવાનું ધ્યાને આવ્યું છે. જો કે અતિસંવેદનશીલ હોવાથી પોલીસ તેને જાહેર કરી શકે તેમ નથી.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### આખરી આંકડા:...

નોંધાયું હતું. દક્ષિણ ગુજરાતમાં ભરૂચ અને વલસાડ બેઠક પર ઉમેદવારો પણ મજબુત હોવાને કારણે ચૂંટણી જંગ જામ્યો હતો. જેને કારણે આ બંને બેઠક પર મતદાનની ટકાવારી પણ અન્ય બેઠકોની સરખામણીમાં ઉંચી જવા પામી હતી.

બીજી તરફ મતદાન પૂર્ણ થતાં જ તમામ ચાર બેઠકો પરના ઈવીએમને જે તે મતગણતરીના સ્થળે લઈ જઈને સ્ટ્રોંગરૂમમાં મૂકી દેવામાં આવ્યા હતા. નવસારી બેઠકના ઈવીએમ નવસારી ખાતે, બારડોલી બેઠકના ઈવીએમ વ્યારા ખાતે, વલસાડ બેઠકના ઈવીએમ વલસાડ ખાતે અને ભરૂચ બેઠકના ઈવીએમ ભરૂચ ખાતે લઈ જવામાં આવ્યા હતા. તમામ ઈવીએમને આગામી તા.4થી જૂનના રોજ સ્ટ્રોંગરૂમમાંથી બહાર કાઢીને મતગણતરી કરવામાં આવશે.

### બારડોલી બેઠક...

ચૂંટણી-૨૦૧૯માં ૭૩.૫૮ ટકા મતદાન નોંધાયું હતું. જેની સરખામણીમાં આ વર્ષે ૮.૭૭ ટકા ઓછું મતદાન નોંધાયું છે. બારડોલીની તમામ સાત વિધાનસભાની સીટ પૈકી નિઝર બેઠક ઉપર સૌથી વધુ મતદાન ૭૯.૬૩ ટકા અને વ્યારામાં ૭૩.૬૮ જેટલું મતદાન નોંધાયું હતું. જે આદિવાસી ગ્રામીણ ક્ષેત્રોમાં મતદારોની જાગૃતિ કહી શકાય. ગત ચૂંટણીમાં વિધાનસભા સીટ નિઝરમાં સૌથી વધુ ૮૨.૯૨ ટકા નોંધાયું હતું અને સૌથી ઓછું કામરેજ ઉપર ૬૨.૬૨ ટકા નોંધાયું હતું. આમ ગત લોકસભા ચૂંટણીની સરખામણીમાં આ વર્ષની લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં મતદાનની ઓછી ટકાવારી નોંધાઈ છે. લોકશાહીના અવસરમાં તાપી જિલ્લો લોકસભાની સામાન્ય ચૂંટણીમાં બારડોલીની બેઠક ઉપર અગ્રીમ રહ્યો છે.

### વલસાડ બેઠકના...

સાત વિધાનસભા મત વિસ્તારની મત ગણતરી ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કોલેજમાં 4 જુને યોજાશે. અહીં વલસાડ લોકસભાના સાત વિધાનસભા મત વિસ્તાર પ્રમાણે ઈવીએમમાં મત ગણતરી યોજાશે. જેના માટે વલસાડ કલેક્ટર તેમજ ચૂંટણી અધિકારી આયુષ ઓક દ્વારા તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે.

### સાપુતારામાં ભરઉનાળે...

સરહદીય પંથકોમાં મોડી સાંજે કાળા ડીબાંગ વાદળો સાથે ગાજવીજ સાંભળવા મળી હતી. જે બાદ અચાનક વાતાવરણમાં પલટો આવતા કમોસમી વરસાદ વરસ્યો હતો. ડાંગ જિલ્લાના સાપુતારા સહિતના આસપાસના વિસ્તારોમાં સાંજના સુમારે કમોસમી વરસાદ જોવા મળ્યો હતો. ડાંગ જિલ્લામાં કાળા ડિબાંગ વાદળો સાથે કમોસમી વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડકતા પ્રસરી જવા પામી હતી. ત્યારે ગરમીથી લોકોને રાહત મળી હતી. તેમજ ભર ઉનાળે ચોમાસા જેવુ વાતાવરણ ડાંગ જિલ્લામાં જોવા મળ્યુ હતુ. જો કે અચાનક ડાંગ જિલ્લામાં વાતાવરણમાં પલટો આવવાને કારણે જગતના તાત એવા ખેડૂતોના પાકને નુકસાન પહોંચવાની ભીંતી સેવાઈ રહી છે. ત્યારે જગતનો તાત પોતાના પાકને લઈને ચિંતામાં સરી પડ્યો હતો. ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારા ખાતે કમોસમી વરસાદે રમઝટ બોલાવતા અહી ચોમાસાની ઋતુ જેવો માહોલ સર્જાયો હતો. તથા વરસાદી માહોલમાં ફરવા આવેલા પ્રવાસીઓમાં મોજ પડી જવા પામી હતી. ગીરીમથક સાપુતારા ખાતે ભરઉનાળે વરસાદી માહોલનાં પગલે જોવા લાયક સ્થળોએ શીતલહેર વ્યાપી જવા પામી હતી.

### કેબિન ક્રૂનો સ્ટાફ...

ફરી રાબેતા મુજબ શરૂ કરવા ખાતરી આપી હતી.

એર ઈન્ડિયા એક્સપ્રેસની દિલ્હી-સુરત-દિલ્હીની ફ્લાઈટ કેન્સલ થતાં એરલાઈન્સે 7 દિવસમાં ફ્લાઈટ રિ-શિડ્યુલ કરવા અથવા સંપૂર્ણ રિફંડ લેવાનો વિકલ્પ આપ્યો હતો. એર ઈન્ડિયા એક્સપ્રેસે જણાવ્યું હતું કે, અમે કેબિન ક્રૂના સંપર્કમાં છીએ. પેસેન્જરનો પ્રવાસ ખરાબ થવા માટે ક્ષમા માંગીએ છીએ. મંગળવારની રાતે મોટી સંખ્યામાં અમારા કેબિન ક્રૂ અચાનક અચાનક બીમાર પડી ગયાની જાણ કરી છે. એના લીધે ફ્લાઈટ કેન્સલ કરવાની ફરજ પડી છે. કેટલીક ફ્લાઈટ્સ ઓપરેટ થઈ છે, કેટલીક વિલંબથી જઇ રહી છે. કંપની કેબિન ક્રૂના સંપર્કમાં છે. ટૂંક સમયમાં એમની ચિંતાઓનો નિવેડો લાવી દઈશું.

### શહેરને ટ્રાફિકમુક્ત...

ટ્રાફિકના જમાદારો સ્કવોડમાં સમાવેશ થતાં અહી સ્કવોડ દીઠ મહિનાના ઉઘરાણાની ફરિયાદો ઉઠતા, આ સીસ્ટમ કાયમી ધોરણે બંધ કરવા માટે આદેશ અપાયા છે. તમામ ટ્રાફિક જમાદારોએ ફરજિયાત શહેરમાં નિયત કરાયેલા પાંચસો જેટલા પોઈન્ટ પરજ ઉભા રહેવું પડશે. ટ્રાફિક જમાદારો મનફાવે તે સ્પોટ પર સ્કવોડના નામે ઉભા રહીને ભારે ગેરરિતી આચરતા હોવાની ફરિયાદો ઉઠી હતી.

### સંવેદનશીલ વિસ્તારો સહિત 4000 સીસીટીવી ઈન્સ્ટોલ કરાશે

કમિ. અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું છે કે શહેરની પેરાફેરી વિસ્તારની હદ વધી છે. અહીં લૂંટફાટ તથા વારદાતો નોંધાઇ રહી છે. આ વિસ્તારોમાં અંદાજે ચાર હજાર સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ કરવામાં આવશે. આ ઉપરાંત હાલમાં એક હજાર સીસીટીવી કેમેરા મહાપાલિકા અને પોલીસ દ્વારા ઈન્સ્ટોલ કરવામાં આવશે. ત્યારબાદ પીપીપી ધોરણે અન્ય કેમેરા ફીટ કરવામાં આવશે. એવા વિસ્તારો ડીટેકટ કરાયા છે, જ્યાં લૂંટફાટ વધારે થઇ રહી છે. અહીં સીસીટીવી કેમેરા લાગતા કાયદો અને વ્યવસ્થા કાબૂમાં આવશે.

### એક વર્ષમાં દસ હજાર જેટલા ટ્રાફિક સમસ્યાના કોલ મળ્યા, સરવે કરી 500 પોઈન્ટ નક્કી કરાયા

શહેરમાં ટ્રાફિકની સમસ્યા જે વિસ્તારોમાં થઇ હોય અને 100 નંબર પરથી ક્યાં ક્યાંથી ફોન આવ્યા છે, તેનો સરવે શરૂ કરાયો હોવાની વિગત પો. કમિ. અનુપમસિંહ ગેહલોત દ્વારા કરવામાં આવી છે. તેમાં ટ્રાફિકની સમસ્યા ધરાવતા વિસ્તારોને ડીટેકટ કરીને અહીં ટ્રાફિક ચોકી ઉભી કરવામાં આવશે. હાલમાં પાંચસો જેટલા આવા સ્પોટ નક્કી કરાયા છે.

# સુરતના 6000 નાના જ્વેલર્સ અને હીરા વેપારીઓ માટે IDIમાં IGI પ્રમાણપત્રની સિંગલ વિન્ડો સિસ્ટમ શરૂ કરાશે

**IGI** 100 કેરેટથી વધુની ડાયમંડ જ્વેલરી જ સર્ટિફાઈ કરતી હોવાથી IDI 1થી 20 કેરેટની કુલ 100 કેરેટ જ્વેલરી ભેગી કરી સર્ટિ. અપાશે



સુરતઃ સુરતના 6000 નાના જ્વેલર્સ અને ડાયમંડ જ્વેલરી મેન્યુફેક્ચરર્સ માટે ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટ્યૂટ (IDI)માં ઈન્ટરનેશનલ જેમોલોજિકલ ઈન્સ્ટિટ્યૂટ (IGI) પ્રમાણપત્રની સિંગલ વિન્ડો સિસ્ટમ આવતીકાલે ગુરુવારથી શરૂ કરવામાં આવશે.

ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટ્યૂટના ચેરમેન દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, IGI 100 કેરેટથી વધુની ડાયમંડ જ્વેલરી જ સર્ટિફાઈ કરતી હોવાથી નાના વેપારીઓની સગવડ માટે IDIની સિંગલ વિન્ડો સિસ્ટમમાં 1થી 20 કેરેટની કુલ 100 કેરેટની જ્વેલરી ભેગી કરી સર્ટિફિકેટ અપાવવા મદદરૂપ થશે.

સુરતના 6000 જેટલા નાના જ્વેલર્સ કે વેપારીઓ 10થી 20 કેરેટના ઓછા વજનના દાગીના ઈન્ટરનેશનલ જેમોલોજિકલ ઈન્સ્ટિટ્યૂટ (IGI)ના પ્રમાણપત્ર માટે રજૂ કરી શકતા ન હતા. કારણ કે, IGI 100 કેરેટથી ઓછા વજનની જ્વેલરીનું ગ્રેડિંગ સર્ટિફિકેશન કરી આપતી નથી. એનો ઉપાય એવો કરવામાં આવ્યો કે, ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આવતીકાલથી સુરતના નાના ઝવેરીઓ માટે ક્વોલિટી કન્ટ્રોલ પ્લસ IGI પ્રમાણપત્રની સિંગલ વિન્ડો સિસ્ટમ શરૂ કરવામાં આવશે.

વધુ માહિતી આપતા આઈ.ડી.આઈ.ના ચેરમેન દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, IGI 100 કેરેટથી વધુના દાગીના જ સર્ટિફાય કરે એ માટે નાના ઝવેરીઓ કે જેમના દાગીના ઓછા કેરેટના હોય છે અને તેમના દાગીના IGI પ્રમાણિત થઈ શકે. રાતે 1 કેરેટથી લઈને 10-15-20 કેરેટના દાગીનાઓનું કલેક્શન કરી રજૂ કરવાથી IGIમાં સર્ટિફિકેશન માટે આપી શકશે. ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટ્યૂટ સૌથી પહેલા આ દાગીનાનું ક્વોલિટી કન્ટ્રોલ (સ્ક્રીનિંગ) કરશે અને કોઈપણ ક્ષતિ હશે તો તે સુધાર્યા પછી જુદા જુદા ઝવેરીઓ મળીને કુલ 100 કેરેટ કે તેનાથી વધુના દાગીના એકત્ર થયા હશે એ IGIની મોબાઈલ લેબોરેટરીના એક્સપર્ટને ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટ્યૂટમાં તેડાવી IGI સર્ટિફિકેશન પ્રોસેસ કરાવશે.